૯

# વ્યસનનો ખરો અર્થ 'સુખ' છે

**વ્યસન**

ત્યાર પછી એક ખૂંખાર વ્યસનીએ કહ્યું, ''અમને વ્યસન વિશે કહો.''

ત્યારે તેમણે ઉત્તર આપ્યો :

સંસ્કૃતમાં વ્યસનનો અર્થ 'દુ:ખ' થાય છે, પણ વ્યસનનો ખરો અર્થ 'સુખ' છે એ તમે નિશ્ચિત જાણજો.

જેને જેનું વ્યસન હોય તેને તે પામે છે ત્યારે તે સમાધિના સુખને પામે છે એવું તમે સમજો.

ખરેખર તો પ્રિય વ્યસનનો વિરહ એ દુ:ખ છે. ચા પીનારને ચા ન મળે, બીડી-સિગારેટ પીનારાને એનો વિરહ સહેવો પડે, તમાકુ ખાનારાને એના વગર ટટળવું પડે એના કરતાં મોટું દુ:ખ આ બ્રહ્માની સૃષ્ટિ વિશે બીજું એકેય નથી.

વ્યસન એટલે સુખ, મહાસુખ, બ્રહ્માનંદ, સહોદર સુખ એવો સુધારો તમે તમારા શબ્દકોશમાં કરી લેજો.

વ્યસનને તમે પ્રેમનું પ્રતીક ગણજો. જે ખોખામાંથી કાઢીને વ્યસની સિગારેટ પીએ છે એ ખોખા પર 'સિગારેટ પીવી એ આરોગ્ય માટે હાનિકારક છે' એવી ચેતવણી લખી હોય છે છતાં સાચા પ્રેમીઓ કોઈની કોઈ પ્રકારની ચેતવણી ગણકારતા નથી તેમ સિગારેટપ્રેમીઓ આવી કશી ચેતવણીની પરવા કરતા નથી. વ્યસન માટેના સાચા પ્રેમ સિવાય આ સંભવિત નથી.

**રતિલાલ બોરીસાગર**

એફ-૬૭,
રતિલાલ પાર્ક,
નવરંગ હાઈસ્કૂલ,
પાંચ રસ્તા પાસે,
દેરાસરની સામે,
નારણપુરા,અમદાવાદ
ફોન નં.
૨૭૬૮૦૨૬૪ (ઘર)
૯૯૨૫૧૧૧૩૦૧(મો)

પ્રેમીઓ કરતાં પણ વ્યસનીઓ શ્રેષ્ઠ છે એમ તમે સમજો. એકબીજા માટે જાન દેનાર પ્રેમીઓની સંખ્યા જગતમાં હંમેશાં અલ્પ રહી છે. રોમિયો-જુલિયેટ, લૈલા-મજનુ, શીરીં-ફરહાદ, હીર-રાંઝા, બસ બહુ થઈ ગયું. કદાચ બે-ચાર વધારે હશે, પણ દારૂ માટે, સિગારેટ માટે જાનની બાજી લગાવનાર પ્રેમીઓની સંખ્યા કોઈ પણ યુગમાં લાખોની હશે. માણસને એના જીવ કરતાં કશું વધારે વહાલું નથી હોતું એમ કહેવાય છે, પણ વ્યસનીઓને પોતાના જીવ કરતાંય વ્યસન વધુ વહાલું હોય છે. આવા પ્રેમીઓને તમે પ્રાતઃવંદનીય ગણજો.

વ્યસન જીવનને અર્થપૂર્ણ બનાવે છે. વ્યસન વગરના માણસને તમે પૂછો કે તમે શા માટે જીવો છો ? તો બાયોલૉજીનું પેપર અઘરું નીકળે અને બારમા ધોરણનો વિદ્યાર્થી જેમ કિંકર્તવ્યમૂઢ બની જાય અને પ્રશ્નપત્રની સામે તાકીને બેઠો રહે તેમ નિર્વ્યસની માણસ પાસે પોતે શા માટે જીવે છે એ પ્રશ્નનો કોઈ ઉત્તર હોતો નથી. પણ વ્યસની તો કહેશે, 'હું ચા પીવા માટે જીવું છું', 'હું તમાકુનું સેવન કરવા માટે જીવી રહ્યો છું', 'સિગારેટ પીવા માટે જ મેં મનુષ્યજન્મ ધારણ કર્યો છે', 'દારૂ પીને હું મારું જીવન સાર્થક કરી રહ્યો છું'. જીવનને અર્થપૂર્ણ બનાવનાર વ્યસનીની તમે કદી નિંદા ન કરજો.

વ્યસનથી આરોગ્ય બગડે છે, આયુષ્ય ઓછું થાય છે એવી વ્યસનવિરોધીઓની વાતને તમે કાને ન ધરજો. વ્યસનના આનંદ વગર આરોગ્યને શું કરવું છે ? વ્યસનના આનંદ વગરના દીર્ઘાયુષ્યનું શું પ્રયોજન છે ?

વ્યસનથી જ મનુષ્ય સંજ્ઞાને પાત્ર ઠરે છે. ગધેડા સિગારેટ નથી પીતા, બળદ તમાકુ નથી ખાતા, હિપોપૉટેમસ દારૂનું સેવન નથી કરતા, બકરી દાંતે બજર નથી ઘસતી. વ્યસનવિહીન મનુષ્ય શિંગડાં અને પૂંછડાં વિનાના પશુ સમાન છે એમ સમજો.

❐

[redacted]

મસાલા - અનાજના ખર્ચામાં બચત થાય. ગુટખા ખાનારથી તીખું ખવાય જ નહીં એટલે મસાલા ઓછા વળે, ભૂખ લાગે નહીં એટલે અનાજ ઓછું વપરાય.